# શનિ-રવિમાં શહેરમાં અઢળક લગ્ન પ્રસંગો

ગાંધીનગર, તા. ૯

શહેરમાં લગ્નસરાની મોસમ જામી છે. શહેરમાં ચારેયકોર ડીજેના સાઉન્ડ સાંભળવા મળી રહ્યા છે. રાત્રિ દરમિયાન તો જાણે નવરાત્રિ હોય તેવો અનુભવ થાય છે. શહેરમાં દરેક લગ્નવાડી અને પાર્ટી પ્લોટમાં ફૂલ બુકિંગ થઈ ગયુ છે. જેમાં શનિ અને રવિવારે શહેરમાં અઢળક લગ્નો યોજાવાના છે.

શહેરમાં લગ્નસરાના કારણે ડીજે સાઉન્ડ સિસ્ટમવાળા વેપારીઓ, મંડપવાળા, કેટરર્સ, કેમેરામેન, મહેંદીવાળા, સલૂનવાળા વેપારીઓ, કપડાની દુકાનો, જ્વેલરીની દુકાનો વિગેરે વેપારીઓ લગ્ન પ્રસંગોના કારણે વ્યસ્ત બન્યા છે. માર્ગો ઉપર જાનૈયાઓની ગાડીઓની લાઈનો જોવા મળી રહી છે. વરઘોડામાં નાચતા લોકોનો ઉત્સાહ અનેરો દેખાઈ રહ્યો છે. શહેરમાં શિયાળાની મોસમ પણ વિદાય લેવા જઈ રહી છે. ઠંડીનું જોર ઘટ્યું છે તેથી લગ્નોનો લોકો ઉત્સાહપૂર્વક આનંદ માણી રહ્યા છે. ઉંધિયાનું શાક, બાસુંદી, મંચુરિયન જેવી ચાઈનિઝ વાનગીઓ, વિવિધ પ્રકારના હલવા, જલેબી, ગુલાબ જામુન, દાલફ્રાય, ઝીરારાઈસ, સાઉથ ઈન્ડિયન વાનગીઓની લિજ્જત માણી રહ્યા છે. લગ્ન પ્રસંગોના કારણે શહેરના બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો મન મુકીને ખર્ચો કરી રહ્યા છે. મોંઘવારીના માર વચ્ચે પણ લોકો ખર્ચો કરવામાં પાછીપાની કરી

## લગ્ન પ્રસંગોના કારણે શહેરમાં નવરાત્રિ જેવો માહોલ સર્જાયો છે





રહ્યા નથી. હલ્દી સેરેમેનીમાં પણ હવે લોકો ઘણો ખર્ચ કરી રહ્યા છે. પહેલાના જમાનામાં હલ્દી સેરેમની આટલી બધી પ્રખ્યાત નહોતી. હવે તો હલ્દી સેરેમેનીથી લઈ મહેંદી, સંગીત સંધ્યા, રીંગ સેરેમની તમામ પ્રસંગોમાં અવનવા ટ્રેન્ડ ચાલી રહ્યા છે. પ્રિ-વેડિંગ પણ છેલ્લા ટ્રેન્ડ ચાલી રહ્યા છે. પ્રિ-વેડિંગ પણ છેલ્લા પાચ-છ વર્ષથી ટ્રેન્ડમાં આવ્યું છે. લગ્ન કરનાર કપલ પ્રિ-વેડિંગ માટે ઘણો ખર્ચ કરી રહ્યા છે. ફોટોગ્રાફર્સને પ્રિ-વેડિંગના કારણે આર્થિક રીતે ઘણો ફાયદો થઈ રહ્યો છે. સોશિયલ મીડિયામાં પણ હાલમાં મોટા ભાગની પોસ્ટ થ્રી ડે ટુ ગો, ફોર ડે ટુ ગો મતલબ લગ્નના આટલા જ દિવસ બાકી રહ્યા છે તેવી પોસ્ટ મુકવામાં આવે છે. જેમાં પ્રિ-વેડિંગમાં ફોટોશૂટ કરેલા ફોટાનો ઉપયોગ કરવામાં આવે છે. કેટરર્સનો વ્યવસાય તો બારેમાસ ચાલતો આવ્યો છે પરંતુ લગ્ન પ્રસંગોમાં કેટરર્સની ભારે ડિમાન્ડ રહે છે. લગ્નોમાં સૌથી પહેલા લોકો જમણવાર તરફ આકર્ષાય છે. ભોજનની ડિશમાં કેવા કેવા પ્રકારના મેનુ રાખવામાં આવ્યા છે તે લોકો સૌ પ્રથમ જોવા લાગે છે. સ્ટાટર્સથી શરૂ થાય ને આઈ સક્રીમથી પૂર્ણ થાય ભોજનના મેનુ જેમાં વચ્ચે ઘણી બધી વેરાયટીઓ જોવા મળે છે. હવે સાદા ભોજન ક્યાંક જ જોવા મળે છે. મોટા ભાગના લગ્નોમાં ભોજનની ડિશનો ખાસ ખ્યાલ રખાતો હોય છે.

લગ્નપ્રસંગોના કારણે શહેરીજનો પણ વ્યસ્ત બન્યા છે. નોકરીયાતો રજાના મૂડમાં જોવા મળી રહ્યા છે. શનિ-રવિની તો રજા છે જ પરંતુ અમૂક લગ્ન પ્રસંગો દૂર હોવાથી ત્રણ-ચાર દિવસની સળંગ રજાઓ મુકી રહ્યા છે અને લગ્ન પ્રસંગોને મન ભરીને માણવા ઉત્સૂક બન્યા છે. કોરોનાકાળ બાદ લોકોનો ઉત્સાહપૂર્વક લગ્નો માણવાનો લાહવો મળ્યો છે.

# દહેગામની મૂકબધિર શાળાના બાળકોને સ્કૂલબેગનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૯

મહિલા જાગૃતિ અભિયાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દહેગામ સંચાલિત બહેરા મૂંગા શાળા દ્વારા ૦૭/૦૨/૨૩ના રોજ બાળકોના શૈક્ષણિક વિકાસ અંગેનો કાર્યક્રમ યુનિયન બેંક ઓલ ઈન્ડિયા એસોસેસીયન દ્વારા યોજવામાં આવ્યો હતો જેમાં શાળાના ૪૦ બાળકોને સ્કૂલબેગ અને ભોજનાલયમાં ફ્રીજ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બેંકના જનરલ સેક્રેટરી, વકીલ પ્રેસિડેન્ટ તેમજ બેંકના અધિકારીઓ અને સ્ટાફગણ, વિકાસ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી ભુપેન્દ્ર જાની હાજર રહ્યાં હતા. કાર્યક્રમમાં સંસ્થા અને શાળાનો પરિચય સંસ્થાના પ્રમુખ ઈન્દુમતીબેન એમ. બ્રહ્મભટ્ટે આપ્યો હતો અને બેંકનો આભાર વ્યક્ત કર્યો હતો.



વાવોલમાં રેલ્વેલાઈનની આસપાસ દિવાલ બનાવવામાં આવી છે. દિવાલ તો બનાવી દેવાઈ છે પરંતુ તે માટે અહીં ખોદવામાં આવેલા ખાડાઓનું યોગ્ય પુરાણ કરવામાં ન આવતા અહીથી પસાર થતાં રાહદારીઓ મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે.



**GCom South Asia** ના સહયોગથી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ દ્વારા આયોજિત ગુજરાત રાજ્યની મહાનગરપાલિકાઓની ગુજરાત સિટી ક્લસ્ટર અંગેની આંતરરાષ્ટ્રીય મિટીંગ સંસ્થાના પ્રાદેશિક કેન્દ્ર, અમદાવાદ ખાતે યોજાઈ હતી જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. ય્ર્ઝસ એ સિટી ક્લાઈમેટ લીડરશીપ માટેનું સૌથી મોટું વૈશ્વિક જોડાણ છે, જે ૧૦,૦૦૦ થી વધુ શહેરો અને લોકલ ગવર્નમેન્ટની કમિટમેન્ટ પર બનેલું છે. આ મિટિંગમાં રાજ્યના વિકાસમાં શહેરની ભૂમિકા, વિકાસ તેમજ પર્યાવરણ જેવા અનેક મહત્વના મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી. આ મિટીંગમાં સુરતના મેયર હેમાલીબેન બોઘાવાલા, વડોદરાના સ્ટે.ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના હિતાર્થ સોનીએ ડિસ્કસ થ્રોમાં રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો



ગાંધીનગર, તા. ૦૯

તાજેતરમાં ગુજરાતના યજમાન પદે નડિયાદ ખાતે પેરાલ્મિપિક કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા ૧૨મી નેશનલ જુનિયર એન્ડ સબ જુનિયર પેરા એથલેટિક્સ ચેમ્પિયનશીપ ૨૦૨૩ યોજાઈ હતી. આ ચેમ્પિયનશીપમાં એથલેટિક્સની વિવિધ રમતોમાં ભારતભરમાંથી દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાતના કચ્છના માંડવી પાસેના બિદડા ખાતેના સુપ્રસિદ્ધ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સારવાર લઈ રહેલાં ખેલાડીઓની ટીમ પણ જોડાઈ હતી. અ?ા ટીમમાં ગાંધીનગરના એકમાત્ર હિતાર્થ સોની નામના ખેલાડીએ અન્ડર-૧૯ કેટગરીમાં ડિસ્કસ થ્રો અને શોટપુટ સ્પર્ધામાં ભાગ લીધો હતો જે પૈકી તેણે ડિસ્કસ થ્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અકસ્માતે દિવ્યાંગ બનેલો હિતાર્થ સોની અગાઉ તેની સ્કૂલમાંથી ફુટબોલ ટીમના કેપ્ટન તરીકે રમતો હતો અને હવે તે પેરા એથલેટિક્સમાં પણ ભાગ લઈને મક્કમ મનોબળ અને પોઝિટિવ અભિગમથી અન્ય ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ માટે એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડી રહ્યો છે. તેની આ સિદ્ધિને બિદડા સર્વોદય ટ્રસ્ટના સંચાલકો અને તેના માતા-પિતા સહિત સ્નેહીજનોએ અભિનંદન સાથે શુભેચ્છાઓનો વરસાદ વરસાવીને બિરદાવી રહ્યાં છે.

# ઐસા ભી હોતા હૈ : શહેરનું નવું કૌતુક એટલે "ફાયર પાન"...!!



ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગર ભલે શહેર નાનું રહ્યું પરંતુ અંહી એકથી એક ચઢિયાતી બાબતોનો સંગમ જોવા મળે છે જે પાટનગરને એક નવી જ ઓળખ આપે છે. શહેરમાં આજકાલ "ફાયર પાન" એ ભારે કૌતુકનો વિષય બન્યાં છે અને તેને માણવા પાન રસિયાઓ લાઈન લગાવે છે. શહેરના ઘ-૨ સર્કલ પાસે પટેલ પાર્લરની બાજુમાં ખુશ્બુ પાન પોઈન્ટના નવીનભાઈ જયસ્વાલ વર્ષોથી તેમના મીઠાં પાનની વેરાયટી માટે જાણીતા છે અને હવે તેમના દ્વારા શરૂ કરવામાં આવેલાં "ફાયર પાન"તો ગજબનું આકર્ષણ બની રહ્યાં છે. આ "ફાયર પાન"માં તેવો સળગતા પાનનું બીડુંવાળીને તે સીધાં ગ્રાહકના મ્હોંમાં મુકી આપે છે અને તેને નિહાળવા તેમજ એકવાર માણવા દૂર દૂરથી પાન રસિયાઓ આવે છે. આમ પણ શહેરના ઘ-૨ આસપાસના વિસ્તાર સહિત ઈન્ફોસિટી, કુડાસણ, સરગાસણ જેવા વિસ્તારોથી માંડીને છેક નાંદોલ-દહેગામથી પણ તેમના પાનના આશિકો તેમના ગલ્લે પાન ખાવા આવે છે. સાથે સાથે જયસ્વાલ સમાજનું ગૌરવ વધારવા બદલ મહેસાણા-બનાસકાંઠા-ગાંધીનગર જીલ્લા જયસ્વાલ સમાજ દ્વારા નવીનભાઈ જયસ્વાલને તેમની આ વિશેષતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

# આજથી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં 'હેકાથોન ૨૦૨૨'ની ગ્રાન્ડ ફિનાલે

**કુલ ૪૯ ટીમ કે જે સરકારી વિભાગો દ્વારા આપવામાં આવેલા ઇન્ડસ્ટ્રીયલ પ્રોબ્લેમ્સને સોલ્વ કરવા માટે સતત ૩૬ કલાક સ્પર્ધા કરશે**

ગાંધીનગર,તા. ૦૯

ગાંધીનગરના ભાટ ખાતેની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં કુલ ૪૯ ટીમ કે જે સરકારી વિભાગો દ્વારા આપવામાં આવેલા ઈન્ડસ્ટ્રીયલ પ્રોબ્લેમ્સને સોલ્વ કરવા માટે સતત ૩૬ કલાક તારીખ ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગ્યા થી ૧૧ ફેબ્રુઆરી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન ૨૦૨૨ સ્પર્ધા અંતર્ગત કામગિરી કરશે જેમાંથી સ્પર્ધાના વિજેતાઓ નક્કી થશે.

ભારતના આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથોન ૨૦૨૨ સ્પર્ધા મુખ્યમંત્રી દ્વારા ખુલ્લી મુકવામાં આવી છે. આ સ્પર્ધામાં રાજ્યના સરકારી વિભાગો, કચેરીઓ અને ઉધોગો તરફથી ૭૮૩ જેટલા પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટ આપવામાં આવેલ છે, જે પૈકી સરકારના વિવિધ વિભાગોના ૧૫૨, સરકારી કચેરીઓના ૪૮૯ અને ઉદ્યોગોના ૧૪૨ પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટ મળ્યાં છે. હેકાથોન ૨૦૨૨માં ૩૫૫૪ ટીમે રજીસ્ટ્રેશન, ૨૮૪૬ ટીમે પ્રોબ્લેમ સિલેકશન,અને ૨૦૮૮ ટીમે સારાંશ સબમિટ કરેલ હતો.જેના વિવિધ રાઉન્ડ અંતર્ગત પસંદગી પામેલી ટીમમાં ગ્રાન્ડ ફિનાલે તારીખ ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ જેમાં રાજ્યની ૧૦થી વધુ સંસ્થાઓમાં સતત ૩૬ કલાક આ ટીમો દ્વારા અવિરત કામગીરી કરવામાં આવશે. ગાંધીનગરના ભાટ ખાતેની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં કુલ ૪૯ ટીમ કે જે સરકારી વિભાગો દ્વારા આપવામાં આવેલા ઈન્ડસ્ટ્રીયલ પ્રોબ્લેમ્સને સોલ્વ કરવા માટે સતત ૩૬ કલાક તારીખ ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગ્યા થી ૧૧ ફેબ્રુઆરી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કામગીરી કરશે જેમાંથી સરકાર દ્વારા ફાઈનલ વિજેતા ટીમ રાજ્ય સ્તરે નક્કી કરવામાં આવશે.

# વિજ્ઞાન ગુર્જરી-વિક્રમ સારાભાઈ એવોર્ડ

ગાંધીનગર, તા. ૯

રાષ્ટ્રિયકક્ષાએ કાર્યરત અને વિજ્ઞાન વિકાસ માટે મથતી એવી સંસ્થા 'વિજ્ઞાન ભરતી'ના ગુજરાત પ્રાંત એકમની સંસ્થા 'વિજ્ઞાન ગુર્જરી' દ્વારા આ વર્ષે 'ગુજરાત વિજ્ઞાન સંમેલન-૨૦૨૩'નું આયોજન તા. ૧૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ સંમેલનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ અને રૂચિ કેળવાય તે માટેનો છે. આ સંમેલનમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોને લગતી કુલ ૧૦ જેટલી ઓનલાઈન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ ઓફલાઈન વર્કશોપ અને કોન્ફરન્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળા કક્ષા, કોલેજ કક્ષા કે યુનિવર્સિટી કક્ષાના કોઈપણ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. દરેક સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને પારિતોષિક અને સર્ટિફિકેટથી નવાજવામાં આવશે તેમજ પ્રત્યેક રજીસ્ટર વિદ્યાર્થીને સર્ટિફિકેટથી નવાજવામાં આવશે તેમજ પ્રત્યેક રજીસ્ટર વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવશે. સંમેલનનું મુખ્ય આકર્ષણ વિક્રમ સારાભાઈ એવોર્ડ છે. આ એવોર્ડ ગુજરાતના વિજ્ઞાન સંશોધકોની બેસ્ટ પીએચડી થીસીસ માટે એનાયત થશે. આ એવોર્ડનો મુખ્ય હેતુ વિજ્ઞાનના કોઈપણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ અને સમાજ ઉપયોગી સંશોધનને બિરદાવાનું છે. આ એવોર્ડના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને અનુક્રમે ૩૦ હજાર, ૨૦ હજાર અને ૧૫ હજાર પારિતોષિક આપવામાં આવશે. આ સંમેલનની કોઈપણ સ્પર્ધા, કોન્ફરન્સ, વર્કશોપ કે એવોર્ડ નોમિનેશન માટે કોઈપણ પ્રકારની રજીસ્ટ્રેશન ફી નથી. આ સંમેલનનું સમાપન તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સાયન્સ સીટી અમદાવાદ ખાતે થવાનું છે. સંમેલન વિશેની વધુ માહિતી તેમજ રજીસ્ટ્રેશન લિંક વિજ્ઞાન ગુર્જરીની વેબસાઈટ **www.vigyangurjari.org** પરથી મેળવી શકશો.

# પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી ખાતે બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર

ગાંધીનગર, તા.૯

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PEDU), ગાંધીનગર ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (DST, ગુજરાત સરકાર) ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સેમિકન્ડક્ટર એસોસિએશન (IESA) દ્વારા સંયુક્ત રીતે "ભારતમાં સેમિકન્ડક્ટર: પડકારો અને તકો" વિષય પર બે-દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૭-૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ સેમિકન્ડક્ટર પડકારો અને તકો અંગે બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનું આયોજન પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PEDU), ગાંધીનગર, ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રોનિક્સ મિશન (DST), અને ગુજરાત સરકાર, ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ સેમિકન્ડક્ટર એસોસિએશન (IESA) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

આ બે દિવસીય ઈવેન્ટમાં ઉદ્યોગના નિષ્ણાતો, દિગ્ગજો,



ફેકલ્ટી સભ્યો, સંશોધકો અને ભારતભરની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ સહિત અંદાજે ૩૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સેમિનારનું ઉદ્‌ઘાટન શ્રી નિલેશ દેસાઈ, ડાયરેક્ટર, સ્પેસ એપ્લિકેશન સેન્ટર (ISRO), અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના સ્વાગત પ્રવચનમાં, ડૉ. ધવલ પૂજારા, સેમિનારના આયોજક અને ડિરેક્ટર સ્કૂલ ઑફ ટેક્નોલોજી, PDEU એ ભારતમાં સેમિકન્ડક્ટર ઉત્પાદનના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે આવનારા સમયમાં ચિપ ફેબ્રિકેશન માટેના પડકારો અને તકોનું ટૂંકમાં વર્ણન કર્યું. ડૉ. સુંદર મનોહરન, ડાયરેક્ટર જનરલ, PDEUએ સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસ માટે કુશળ માનવબળ અને સંબંધિત માળખાકીય સુવિધાઓની જરૂરિયાત વિશે ચિંતા વ્યકત કરી હતી. તેમના સંબોધનમાં તેમણે આગામી નેનો ઈલેક્ટ્રોનિક્સ અને ફ્લેક્સિબલ ઈલેક્ટ્રોનિક્સ વિશે વાત કરી હતી.

# ખેલમહાકુંભ - ૨૦૨૨ની વિવિધ સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓ જોગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ- ૨૦૨૨માં વિવિધ રમતોમાં જિલ્લા – મહાનગર પાલિકા કક્ષાએ વિજેતા થયેલા ખેલાડીઓએ રોકડ પુરસ્કાર માટે ફોર્મ ભર્યું ન હોય તો તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી ભરી જવા માટે જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ જણાવ્યું છે. રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, જિલ્લા વહિવટી તંત્ર, ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત ખેલમહાકુંભ- ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલમહાકુંભ- ૨૦૨૨ની શાળા, ગ્રામ્ય, તાલુકા, ઝોન, જિલ્લા, મહાનગરપાલિકા, ઝોન (ટીમ રમત) તથા રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધા તા:૧૮/૦૨/૨૦૨૨ થી તા:૨૯/૦૫/૨૦૨૨ દરમ્યાન યોજાઈ હતી. ખેલમહાકુંભ- ૨૦૨૨માં જીલ્લા/મહાનગર પાલિકાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય (વ્યક્તિગત તથા ટીમ રમતો)માં જે વિજેતા થયા છે, તેવા ઈનામને પાત્રતા ધરાવતા ખેલાડીઓએ રોકડ પુરસ્કારના ફોર્મ ભરેલ ન હોય (રોકડ પુરસ્કાર મળેલ ન હોય) તેવા ખેલાડીઓએ તા:૧૪/૦૨/૨૦૨૩ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, 'સી' વિંગ, છટ્ઠો માળ, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે રૂબરૂ ફોર્મ જમા કરાવવાના રહેશે.

સમયમર્યાદાબાદ આવેલ રોકડ પુરસ્કાર ફોર્મની વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહિં. જેની જવાબદારી વિજેતા ખેલાડી/ટીમ/શાળા/સંસ્થાની રહેશે, અત્રેની કચેરીની કોઈ જવાબદારી રહેશે નહિં, તેવું પણ જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ જણાવ્યું છે.

### સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે

# 'મેરીટાઈમ એન્ડ કોસ્ટલ સિક્યુરિટી' પર ૩ દિવસીય ઓરિએન્ટેશન કોર્સ પૂર્ણ થયો

ગાંધીનગર, તા. ૯

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે 'મેરીટાઈમ એન્ડ કોસ્ટલ સિક્યોરિટી' વિષય પર ૩ દિવસીય ઓરિએન્ટેશન કોર્સનું સમાપન થયું જેનું આયોજન સેન્ટર ફોર મેરીટાઈમ સિક્યુરિટી સ્ટડીઝ, સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી સ્ટડીઝ, **CUG** અને નેવલ વોર કોલેજ, ગોવાના સહયોગથી કરવામાં આવ્યું હતું. ડીઆઈજી એસ. કે. વર્ગીસ, કમાન્ડર મુખ્યાલય, ભારતીય કોસ્ટ ગાર્ડ સમાપન સત્રના મુખ્ય ઈતિથિ હતા. પ્રો. સંજયકુમાર ઝા એ (સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી સ્ટડીઝના ડીન) તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આ વર્કશોપથી મેરીટાઈમ અને કોસ્ટલ સિક્યોરિટીના ક્ષેત્રમાં વધુ અભ્યાસ અને સંશોધન માટે ઘણી પ્રેરણા મળી છે.

વર્કશોપનો સારાંશ અને અનુભવ રજૂ કરતા કેપ્ટન ડૉ. જી.એ. ખુરાનાએ જણાવ્યું કે તે ખૂબ જ ઉપયોગી અને શીખવાનો અનુભવ હતો જેમાં તમામ સહભાગીઓએ પોતાની જાતને સામેલ કરી અને શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે ભાગ લીધો. આ વર્કશોપથી વર્કશોપના હિતધારકો વચ્ચે સંયુક્ત સાહસો માટેની ઘણી તકો ખુલી છે.

ડીઆઈડી એસ.કે. વર્ગીસે, (કમાન્ડર હેડક્વાર્ટર, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ) તેમના મુખ્ય વક્તવ્ય દરમિયાન જણાવ્યુ હતુ કે ભારતનાં લાંબા દરિયાકિનારે વિવિધ તકો તેમજ પડકારો છે અને તેનું મહત્વ આપણા ઈતિહાસમાં નોંધાયેલુ છે. આજે તે આતંકવાદ, ચાંચિયાગીરી, દાણચોરી વગેરે સહિતના ઘણા પરંપરાગત તેમજ બિન-પરંપરાગત પડકારો માટે સંવેદનશીલ છે. ભારતે તેના રાષ્ટ્રીય હિતો અને સુરક્ષા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે **ASEAN, Quad** વગેરે જેવા ઘણા પ્રાદેશિક સંગઠનો સાથે તેના સંબંધો વિકસાવ્યા છે. પ્રાદેશિક અને ઉપ પ્રાદેશિક સંગઠનો સાથે સંકલન વધારવાની સાથે ભારતે તેની પોતાની સિસ્ટમમાં ઘણા માળખાકીય ફેરફારો પણ રજૂ કર્યા છે. વાઈસ ચાન્સેલર, પ્રો. રમા શંકર દુબેએ તેમના અધ્યક્ષીય ભાષણમાં જણાવ્યું હતું કે ભારત ઈતિહાસમાં જહાજ બનાવવાની કુશળતા માટે અત્યંત પ્રખ્યાત છે. આજે ટેકનોલોજી, **SEZ**ની ફાળવણી, રોડ અને રેલ્વે દ્વારા કનેક્ટિવિટી જેવી બાબતોમાં આપણી દરિયાઈ અને દરિયાકાંઠાની સંપત્તિનું આધુનિકરણ કરવુ જરૂરી છે અને આ સરકાર આ તમામ પાસાઓ પર કામ કરી રહી છે.